# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૭૫-C તા. ૦૭-૧૦-૨૦૨૨**

**(માન્ય શાળા પરિપત્ર નં.૧)**

**તમામ શાળાઓ માટે :-**

**વિષય :- પ્રથમ સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૨૨ બાબત.**

આથી તમામ શાળાઓને ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે ચાલુ વર્ષે ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષા તા.૧૦-૧૦-૨૦૨૨ થી તા.૧૮-૧૦-૨૦૨૨ સુધી યોજવાની રહેશે. **જે આ સાથે સામેલ કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.**

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ પ્રથમ સત્રના અભ્યાસક્રમ મુજબ તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

**પ્રથમ સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- શાળામાં કોઈપણ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે વાલીશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીની ૧૦૦% હાજરી રહે તે માટે શાળાઓએ પ્રયત્ન કરવા.
- ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ અને ૪ તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.
- **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬ અને ૮માં અનુક્રમે **ભારત અને દુનિયાનો રેખાંકિત નકશો** દરેક વિદ્યાર્થીઓને આપવાનો થાય છે તેમજ **ગણિત વિષયની** પરીક્ષા વખતે ધો.૭ માં ઉત્તરવહીની સાથે સાઈઝના **આલેખપત્ર** આપવાના થાય છે માટે આપની શાળાના ધો. ૬ અને ૮ ના રેખાંકિત **નકશા** તેમજ ધો.૭ ના **આલેખપત્ર સ્કૂલ બોર્ડ દ્વારા** ઝોન કક્ષાએ ઉપલબ્ધ કરાવેલ છે. જે સંખ્યા મુજબ મેળવી પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવાના રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી આ અંગે કોઈપણ નાણાં લેવાના રહેશે નહિ.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.

- બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- **શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોકત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા.**
- પરીક્ષાખંડમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓ પાસ પાસે ન આવે તે રીતે બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે એટલે કે એક જ ધોરણના વિદ્યાર્થીઓને એક બ્લોકમાં ગોઠવવા નહીં.
- **પ્રશ્નપત્રોના કસ્ટોડીયન તરીકે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ અત્યંત કાળજી લેવી કે જેથી જે-તે દિવસે અને સમયે જે-તે ધોરણ અને વિષયનું જ પ્રશ્નપત્રનું પેકેટ ખોલવાનું રહેશે.**
- ખાસ તાકીદ કરીને જણાવવામાં આવે છે કે પ્રથમ સત્રાંત પરીક્ષા-૨૦૨૨ના પરીક્ષાના સમયપત્રક અનુસાર જ પ્રશ્નપત્રો ધોરણ અને વિષયવાર(માધ્યમ મુજબ) સદરહુ પ્રશ્નપત્ર મુખ્ય શિક્ષકે બે શિક્ષકમિત્રોની હાજરીમાં ખોલવાના રહેશે. તે બાબતની સાબિતીરૂપેના દસ્તાવેજ માટે ડોકયુમેન્ટ્રી ઉતારવાની રહેશે. આમ કરવામાં ચૂક કરનાર જે-તે મુખ્ય શિક્ષક સામે પરીક્ષાની ગોપનિયતા ભંગ બદલ સેવા શિસ્તના કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.૦૭-૧૦-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પ્રથમ સત્રાંત પરિક્ષા ૨૦૨૨-23(ગુજરાતી માધ્યમ)

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 10-10-2022 | સોમવાર | 3 થી 5 | ગણિત | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગણિત | 14 00 થી 17 :00 | 80 |
| 11-10-2022 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગુજરાતી | 14 00 થી 17 :00 | 80 |
| 12-10-2022 | બુધવાર | 3 થી 5 | હિન્દી | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | હિન્દી | 14 00 થી 17 :00 | 80 |
| 13-10-2022 | ગુરુવાર | 3 થી 5 | પર્યાવરણ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | વિજ્ઞાન | 14 00 થી 17 :00 | 80 |
| 14-10-2022 | શુક્રવાર | 3 થી 5 | અંગ્રેજી | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | અંગ્રેજી | 14 00 થી 17 :00 | 80 |
| 15-10-2022 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 8:00 થી 11:00 | 80 |
| 17-10-2022 | સોમવાર | 6 થી 8 | સામાજિક વિજ્ઞાન | 11:00 થી 14:00 | 80 |
| | | | | | |
| | | | | | |

પ્રથમ સત્રાંત પરિક્ષા ૨૦૨૨-23(હિન્દી  માધ્યમ)

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 10-10-2022 | સોમવાર | 3 થી 5 | ગણિત | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગણિત | 14 00 થી 17 :00 | 80 |
| 11-10-2022 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 12-10-2022 | બુધવાર | 3 થી 5 | હિન્દી(પ્રથમ ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | હિન્દી(પ્રથમ ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 13-10-2022 | ગુરુવાર | 3 થી 5 | પર્યાવરણ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | વિજ્ઞાન | 14 00 થી 17 :00 | 80 |
| 14-10-2022 | શુક્રવાર | 3 થી 5 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 15-10-2022 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 8:00 થી 11:00 | 80 |
| 17-10-2022 | સોમવાર | 6 થી 8 | સામાજિક વિજ્ઞાન | 11:00 થી 14:00 | 80 |
| | | | | | |
| | | | | | |

પ્રથમ સત્રાંત પરિક્ષા ૨૦૨૨-23( અંગ્રેજી માધ્યમ)

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 10-10-2022 | સોમવાર | 3 થી 5 | ગણિત | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગણિત | 14 00 થી 17 :00 | 80 |
| 11-10-2022 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 12-10-2022 | બુધવાર | 3 થી 5 | હિન્દી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | હિન્દી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 13-10-2022 | ગુરુવાર | 3 થી 5 | પર્યાવરણ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | વિજ્ઞાન | 14 00 થી 17 :00 | 80 |
| 14-10-2022 | શુક્રવાર | 3 થી 5 | અંગ્રેજી(પ્રથમ ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | અંગ્રેજી(પ્રથમ ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 15-10-2022 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 8:00 થી 11:00 | 80 |
| 17-10-2022 | સોમવાર | 6 થી 8 | સામાજિક વિજ્ઞાન | 11:00 થી 14:00 | 80 |
| | | | | | |
| | | | | | |

પ્રથમ સત્રાંત પરિક્ષા ૨૦૨૨-23(ઉર્દૂ  માધ્યમ)

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 10-10-2022 | સોમવાર | 3 થી 5 | ગણિત | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગણિત | 14 00 થી 17 :00 | 80 |
| 11-10-2022 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 12-10-2022 | બુધવાર | 3 થી 5 | હિન્દી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | હિન્દી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 13-10-2022 | ગુરુવાર | 3 થી 5 | પર્યાવરણ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | વિજ્ઞાન | 14 00 થી 17 :00 | 80 |
| 14-10-2022 | શુક્રવાર | 3 થી 5 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 15-10-2022 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 8:00 થી 11:00 | 80 |
| 17-10-2022 | સોમવાર | 6 થી 8 | સામાજિક વિજ્ઞાન | 11:00 થી 14:00 | 80 |
| 18-10-2022 | મંગળવાર | 3 થી 5 | ઉર્દૂ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ઉર્દૂ | 14 00 થી 17 :00 | 80 |

## પ્રથમ સત્રાંત પરિક્ષા ૨૦૨૨-23(મરાઠી માધ્યમ)

| તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 10-10-2022 | સોમવાર | 3 થી 5 | ગણિત | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગણિત | 14 00 થી 17 :00 | 80 |
| 11-10-2022 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | ગુજરાતી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 12-10-2022 | બુધવાર | 3 થી 5 | હિન્દી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | હિન્દી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 13-10-2022 | ગુરુવાર | 3 થી 5 | પર્યાવરણ | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | વિજ્ઞાન | 14 00 થી 17 :00 | 80 |
| 14-10-2022 | શુક્રવાર | 3 થી 5 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | અંગ્રેજી(દ્વિતીય ભાષા) | 14 00 થી 17 :00 | 80 |
| 15-10-2022 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 8:00 થી 11:00 | 80 |
| 17-10-2022 | સોમવાર | 6 થી 8 | સામાજિક વિજ્ઞાન | 11:00 થી 14:00 | 80 |
| 18-10-2022 | મંગળવાર | 3 થી 5 | મરાઠી | 11:00 થી 13:00 | 40 |
| | | 6 થી 8 | મરાઠી | 14 00 થી 17 :00 | 80 |